| કુલ ગુણ | 100 |
|---|---|

# SRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 3

**પરીક્ષાની તારીખ : ૨૨/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦**

| કેટેગરી |
|---|
| **A** |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**SRCL PAPER-3**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 કઈ તારીખથી અમલમાં આવ્યો ?

(A) તા. 31-05-1994
(B) તા. 09-09-1988
(C) તા. 01-09-1988
(D) તા. 31-03-1994

(2) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અંતર્ગત 'રાજ્ય સેવક' તરીકે કોનો સમાવેશ થતો નથી ?

(A) સ્થાનિક સત્તામંડળની નોકરીમાં હોય અથવા તેની પગારદાર હોય તેવી કોઈ વ્યક્તિ

(B) કોઈ ન્યાયાલયે અથવા સક્ષમ સરકારી અધિકારીએ જેને કોઈ દાવો કે બાબત નિર્ણયાર્થે કે રીપોર્ટ કરવા માટે મોકલેલ હોય તેવા કોઈ લવાદ કે અન્ય વ્યક્તિ

(C) કોઈ પણ યુનિવર્સિટીના ગમે તે નામે ઓળખાતા કુલપતિ કુલપતિ (વાઇસ ચાન્સેલર)

(D) સ્વભંડોળથી પ્રવૃત્તિ કરતી સંસ્થાના પદાધિકારી

(3) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની જોગવાઈ મુજબ જે કોઈ વ્યક્તિ કલમ 13 ની પેટા કલમ(1)ના ખંડ (ગ) અથવા ખંડ (ધ) માં ઉલ્લેખેલો ગુનો કરવાની કોશીશ કરે તો કેટલા વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે?

(A) સાત વર્ષ
(B) ત્રણ વર્ષ
(C) એક વર્ષ
(D) છ મહિના

(4) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમ હેઠળ પોતાની સત્તા વાપરવામાં પોલીસ અધિકારીને સહાય કરવા માટે જે તે બેંક બંધાયેલી રહેશે ?

(A) કલમ - 18
(B) કલમ - 17 (ગ)
(C) કલમ - 16
(D) કલમ - 13

(5) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમમાં ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ મંજુરી હોવા બાબતની જોગવાઈ કરેલ છે ?

(A) કલમ - 6 (1)
(B) કલમ - 11
(C) કલમ - 16
(D) કલમ - 19

(6) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કલમ 13ની પેટાકલમ (1)ના ખંડ (ગ) હેઠળના કોઈ ગુના માટે આરોપી ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય ત્યારેતહોમતનામામાં જે મિલકત અંગે ગુનો કર્યો હોવાનું કહેવાતું હોય તે મિલકત અને જે તારીખો વચ્ચે ગુનો કર્યો હોવાનું કેહવાતું હોય તે તારીખો, ખાસ વિગતો અથવા ચોક્કસ તારીખો દર્શાવ્યા વિના વર્ણવવામાં આવે તો............. એવી પહેલી અને છેલ્લી તારીખો વચ્ચેનો સમય, કેટલા વર્ષથી વધુ હોવો જોઈશે નહિ ?

(A) 7 વર્ષ
(B) 5 વર્ષ
(C) 3 વર્ષ
(D) 1 વર્ષ

(7) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર જો રાજ્ય સેવક નાણાંકીય સાધનોનો અથવા આવકના તેનાં જાણીતા સાધનો સાથે અપ્રમાણસર એવી મિલકતના સંતોષકારક હિસાબ આપી શકે નહિ તો તેની વિરુદ્ધ કઈ કલમ હેઠળ ગુનો દાખલ થઈ શકે ?

(A) કલમ - 16
(B) કલમ 13-1 (અ)
(C) કલમ - 14
(D) કલમ - 7 (ચ)

(8) લાંચરૂશ્વત વિરોધી બ્યુરો ગુજરાતની વેબસાટિ કઈ છે ?

(A) https://acb.gujarat.gov.in
(B) https://acb.gujarat.com
(C) https://gujarat.acb.in
(D) https://home.gujarat.com

(9) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મા ગુના અને શિક્ષાના પ્રકરણમાં કેટલી મુખ્ય કલમો આવેલી છે ?

(A) ૦4 (B) 13 (C) ૦2 (D) 1૦

(10) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મા 'ખાસ ન્યાયાધીશે વ્યવહાર કર્યો હોય તેટલે સુધી, રોજેરોજનાધોરણે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવી જોઈશે' આવી જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવી છે ?

(A) કલમ - ૦4 (4) (B) કલમ - 6 (1)

(C) કલમ - 2 (ગ) (5) (D) કલમ - ૦4 (1)

(11) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અંગેનો અધિનિયમ સંસદે ભારતના ગણરાજ્યના કેટલામાં વર્ષે ઘડેલ છે ?

(A) 29 મા વર્ષે (B) 39 વર્ષે (C) 49 મા વર્ષે (D) 88 મા વર્ષે

(12) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1947 અને ફોજદારી કાયદા સુધારા અધિનિયમ - 1952 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમથી રદ કરવામાં આવ્યો ?

(A) કલમ - 25 (1) (B) કલમ - 22 (ક) (C) કલમ - 3૦ (1) (D) કલમ - 31

(13) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મા 'જાહેર સેવક'ની વ્યાખ્યા કયા પ્રકરણમાં આપવામાં આવી છે ?

(A) પ્રકરણ - 5 (B) પ્રકરણ - 4 (C) પ્રકરણ - 2 (D) પ્રકરણ - 1

(14) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર "તોષણ" એ શબ્દ નાણાંકીય તોષણ અથવા નાણામાં અંદાજી શકાય તેવા તોષણ પૂરતો મર્યાદિત નથી..... આ સ્પષ્ટીકરણ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 6 (1) (B) કલમ - 6 (2) (C) કલમ - 7 (ખ) (D) કલમ - 8

(15) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાનું તહોમત મુકવામાં આવ્યું હોય તેવી કોઈ વ્યક્તિ, બચાવ માટેના સક્ષમ સાક્ષી તરીકે ગણાશે એવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 15 (B) કલમ - 16 (C) કલમ - 2૦ (D) કલમ - 21

(16) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર જે કોઈ વ્યક્તિ કલમ-7 અથવા 11 હેઠળ શિક્ષાને પાત્ર કોઈ પણ ગુનાનું દુષ્પ્રેરણ કરે, પછી તે ગુનો દુષ્પ્રેરણ કરવાના પરિણામે થયો હોય કે થયો ન હોય તો પણ તેને ઓછામાં ઓછી કેટલાં માસની કેદનીસજાને પાત્ર થશે ?

(A) ત્રણ માસ (B) છ માસ (C) નવ માસ (D) એક માસ

(17) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ જે કોઈ વ્યક્તિ વારંવાર (ક) કલમ 8 અથવા 9 હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે અથવા (ખ) કલમ 12 હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે તો તે વ્યક્તિ કેટલાં વર્ષ સુધીની કેદની સજાને પાત્ર થશે?

(A) ૦7 વર્ષ (B) ૦8 વર્ષ (C) ૦9 વર્ષ (D) 1૦ વર્ષ

(18) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર જે કોઈ વ્યક્તિ કલમ 13 ની પેટા કલમ (1) ના ખંડ (ગ) અથવના ખંડ (ધ)માં ઉલ્લેખેલો ગુનો કરવાની કોશીશ કરે તો તે કેટલાં વર્ષ સુધીની કેદની સજાને પાત્ર થશે.

(A) ૦3 વર્ષ (B) ૦4 વર્ષ (C) ૦5 વર્ષ (D) ૦7 વર્ષ

(19) રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો માટે ખાનગી અહેવાલ કોણ ભરે છે ?

(A) શિક્ષક (B) આચાર્ય (C) પ્રમુખ (D) મેનેજિંગ ટ્રસ્ટી

(20) રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો માટે ખાનગી અહેવાલમાં એકંદર મૂલ્યાંકન માટે નીચેના પૈકી કયું સાચું નથી ?

(A) ઉત્તમ (B) સારું (C) ઘણું સારું (D) નબળું

(21) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે ખાનગી અહેવાલ કયા નમૂના મુજબ નિયત કરેલ છે ?

(A) નમૂનો - 5 (B) નમૂનો - 6 (C) નમૂનો - 7 (D) નમૂનો - 8

(22) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટેખાનગી અહેવાલના નમૂનામાં મુખ્ય કેટલાં મુદ્દાઓ દ્વારા મૂલ્યાંકન થાય છે ?

(A) 11 (B) 15 (C) 19 (D) 20

(23) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 અનુસાર કર્મચારીઓના ખાનગી અહેવાલ માટે અને કર્મચારીઓને તેની વિરુદ્ધ નોંધ (એડવર્સ રીમાર્કસ)ની જાણ કરવા માટે કોણ જવાબદાર રહેશે ?

(A) શિક્ષક (B) આચાર્ય

(C) મેનેજિંગ ટ્રસ્ટી (D) જિલ્લા શિક્ષણાધિકારી

(24) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો1974 દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે ખાનગી અહેવાલની જાળવણીની સમય મર્યાદા કેટલી હોય છે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ (C) દસ વર્ષ (D) કાયમી રેકર્ડ

(25) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યતમિક શિક્ષણ વિનિયમો 1974 દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે ખાનગી અહેવાલ નમૂનાનો કયા વિનિયમમાં ઉલ્લેખ છે ?

(A) વિનિયમ - 38 (1) (ખ) (5) (B) વિનિયમ - 12 (4)

(C) વિનિયમ - 38 (1) (ક) (1) (D) વિનિયમ - 35

(26) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે ખાનગી અહેવાલનો વિનિયમોના કયા પ્રકરણમાં સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) પ્રકરણ - 4 (B) પ્રકરણ - 6 (C) પ્રકરણ - 7 (D) પરિશિષ્ટ

(27) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 સંપૂર્ણ ક્યારે અમલમાં આવ્યો ?

(A) તા. 01-06-2005 (B) તા. 15-06-2005

(C) તા. 12-10-2005 (D) તા. 18-04-2006

(28) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 અનુસાર 'માહિતી'માં નીચેનમાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) દફતર (B) ઈ-મેઈલ (C) ફાઈલોની નોંધ (D) લોગબૂક્સ

(29) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 ના અધિનિયમથી 120 દિવસની અંદર પોતાના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો વગેરે 17 વિગતો જાહેર કરવાની જોગવાઈ કઈ કલમ હઠળ થયેલ છે ?

(A) કલમ - 4 (1) (ખ) (B) કલમ - 6 (1)

(C) કલમ - 5 (1) (D) કલમ - 7 (1) (ખ)

(30) નીચેનામાંથી માહિતીનો અધિકાર અધિનિયમ 2005 અનુસાર માહિતીનો અધિકાર હેઠળ માહિતી મેળવવાના અધિકારમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) દસ્તાવેજોની પ્રમાણિત નકલો લેવાના

(B) સામગ્રીના પ્રમાણિત પુરાવા લેવાના

(C) ફ્લોપી, ટેપ, વિડીયો કેસેટના સ્વરૂપમાં માહિતી મેળવવાના

(D) વિદેશની સરકાર પાસેથી મેલવેલી માહિતી લેવાના

(31) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 અન્વયે જે માહિતી જાહેર થવાથી, ભારતના સાર્વભૌમત્વ અ; અખંડિતતા, રાષ્ટ્રની સલામતી, ............... વિદેશી રાષ્ટ્ર સાથેના સંબંધને પ્રતિકૂળ અસર થાય તેવી માહિતી જાહેર કરવામાંથી મુક્ત કઈ કલમ હેઠળ આપેલ છે ?

(A) કલમ - 7 (B) કલમ - 8 (C) કલમ - 12 (D) કલમ - 15

(32) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં આંશિક માહિતી જાહેર કરી શકવાની જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) કલમ - 7 (B) કલમ - 8 (C) કલમ - 9 (D) કલમ - 10

(33) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં 'રાજ્યત સિવાયની કોઈ વ્યક્તિ પાસે રહેલ કોપીરાઇટનો ભંગ થાય તેમ હોય ત્યારે માહિતી પૂરી પાડવા માટેની એવી વિનંતીનો અસ્વીકાર કરી શકાશે' એવી જોગવાઈ કઈ કલમથી કરવામાં આવી છે ?

(A) કલમ - 8 (B) કલમ - 9 (C) કલમ - 10 (D) કલમ -11

(34) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં ત્રાહિત પક્ષકારને લગતી માહિતી માટેની જોગવાઈ કઈ કલમથી કરવામાં આવી છે ?

(A) કલમ - 8 (B) કલમ - 9 (C) કલમ - 10 (D) કલમ - 11

(35) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં માંગવામાં આવેલી માહિતી, કોઈ વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સંબંધિત હોય ત્યારે વિનંતિ મળ્યાના કેટલા કલાકની અંદર તે માહિતી પૂરી પાડવી જોઈશે ?

(A) 24 કલાક (B) 48 કલાક

(C) 72 કલાક (D) આવી જોગવાઈ નથી

(36) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 મુજબ વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાની જોગવાઈ બાબતે શું સાચું નથી ?

(A) સમુચિત સરકાર નક્કી કરે તેવી ગરીબી રેખા નીચેનીહોય તેવી વ્યક્તિઓ પાસેથી કોઈ ફી લેવી જોઈશે નહિ.

(B) પેટા કલમ (1) મા નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાનું પાલન કરવામાં ચૂક કરે ત્યારે માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી જોઈએ.

(C) અપીલ અધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારીને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાનો આદેશ કરેલ હોય ત્યારે માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી જોઈશે.

(D) કોઈ ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોય અને તે ત્રાહિત પક્ષકારે તેને ખાનગી માહિતી તરીકે ગણી હોય ત્યારે વિનામૂલ્યે પૂરી પાડવી.

(37) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં માહિતી પૂરી પાડવા માટે ત્રાહિત પક્ષકારનું હિત સમાયેલ હોય ત્યારે માહિતી પૂરી પાડવાની સમય મર્યાદા કેટલાં દિવસની રહેશે ?

(A) 40 દિવસ (B) 35 દિવસ (C) 30 દિવસ (D) 48 કલાક

(38) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં માહિતી મેળવવાની સમય મર્યાદા કઈ કલમથી નક્કી કરવામાં આવી છે?

(A) કલમ - 5 (B) કલમ - 6 (C) કલમ - 7 (D) કલમ - 8

(39) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં માહિતી પૂરી પાડવા અસ્વીકાર માટે કઈ કલમ હઠળ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) કલમ - 7 (B) કલમ - 6 (C) કલમ - 5 (D) કલમ - 4

(40) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 હઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલી સમયમર્યાદાની અંદર માહિતી પૂરી ન પડે તો કેટલાં દિવસ સુધીમાં પ્રથમ અપીલ કરી શકાશે ?

(A) 30 દિવસ (B) 40 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ

(41) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં રાજ્ય માહિતી પંચ સમક્ષ અપીલ કરવાની સમય મર્યાદા કેટલાં દિવસની છે ?

(A) 30 દિવસ (B) 40 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ

(42) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 હેઠળ અપીલ અંગેની જોગવાઈ કઈ કલમ હેઠળ કરેલ છે ?

(A) કલમ - 8 (B) કલમ - 9 (C) કલમ - 18 (D) કલમ - 19

(43) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 મુજબ કેન્દ્રીય માહિતી પંચનામુખ્ય માહિતી કમિશ્નરને કોણ શપથ લેવડાવે છે ?

(A) મુખ્ય માહિતી કમિશ્નર (B) રાષ્ટ્રપતિ

(C) પ્રધાનમંત્રી (D) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(44) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 હેઠળ કેન્દ્રીય માહિતી પંચમાં મુખ્ય માહિતી કમિશ્નર સહિત કુલ કેટલાં કેન્દ્રીય માહિતી કમિશ્નરનો સમાવેશ થાય છે ?

(A) 10 (B) 11 (C) 15 (D) 16

(45) માહિતીના અધિકાર અધિનિયમ 2005 મુજબ રાજ્ય માહિતી પંચના મુખ્ય માહિતી કમિશ્નરને કોણ શપથ લેવડાવે છે ?

(A) મુખ્ય માહિતી કમિશ્નર (B) રાષ્ટ્રપતિ

(C) રાજ્યપાલ (D) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(46) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 મુજબ રાજ્ય માહિતી કમિશ્નરે કયા નિયત નમૂનામાં નક્કી થયા મુજબ શપથ લેવાના હોય છે ?

(A) અનુસૂચિ - 1 (B) અનુસૂચિ - 2 (C) કલમ - 15 (D) કલમ - 12

(47) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 મુજબ મુખ્ય માહિતી આયુક્તની લાયકાત સંદર્ભે નીચેનામાંથી શું સાચું છે ?

(A) તે સંસદ સભ્ય હોવા જોઈએ.

(B) તે કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા હોવા જોઈએ.

(C) અન્ય કોઈ લાભદાયી હોદ્દો ન ધરાવતા હવા જોઈએ.

(D) રાજ્યની વિધાનસભાના સભ્ય હોવા જોઈએ.

(48) માહિતીનો અધિકાર અધિનિયમ અન્વયે સરકારી માહિતી અધિકારીને રાજ્ય માહિતી આયોગ શિક્ષા/દંડ કરી શકે તે બાબતે નીચેનામાંથી શું સાચું નથી ?

(A) અરજી સ્વીકારવા માટે (B) બદઈરાદાથી માહિતી આપવાનો ઇનકાર કરવો

(C) જાણી બુઝીને અધૂરી માહિતી આપવી (D) જેની મગની કરી હોય તે માહિતીનો નાશ કરવો

(49) એક અરજદાર ગુજરાત માહિતી આયોગમાં નિયત નમૂનામાં બીજી અપીલ - ફરિયાદ કરે છે. જેમાં માહિતી આયોગ તેની માહિતી આપવાના હુકમો કરતાં નથી અને અરજી રદ કરે છે, જે માટે નીચેનામાંથી શું કારણ હોઈ શકે ?

(A) અરજદાર કલમ 19 (3) હેઠળ બીજી અપીલ કરે છે.

(B) અરજદાર કલમ 18 (1) હેઠળ ફરિયાદ પણ દાખલ કરે છ.

(C) અરજદાર કલમ-18 હેઠળ ફરિયાદ દાખલ કરે તો તેમાં માહિતી આપવાના હુકમો કરવાપાત્ર નથી.

(D) ઉપરોક્ત તમામ

(50) ગુજરાત સરકાર ગુજરાત માહિતી અધિકાર નિયમો - 2010 પ્રસિદ્ધ કરે છે. તેની સત્તા માહિતીનો અધિકાર અધિનિયમ - 2005 અન્વયે કઈ કલમથી મળેલી છે ?

(A) કલમ - 31 (B) કલમ - 27 (C) કલમ - 26 (D) કલમ - 25

(51) માહિતી અધિકાર અન્વયે જરૂરી માહિતી / દસ્તાવેજો મેળવવા માટે ફી ના દર બાબતે શું સાચું નથી ?

(A) અરજી ફી :- અરજી દીઠ રૂ. 20/-

(B) માહિતી A4 / A3 સાઈઝના કાગળ પર હોય તો પાના દીઠ રૂ. 2/- (બે)

(C) રેકર્ડ તપાસણી માટે પ્રથમ અર્ધા કલાક માટે રૂ. 20/- (વીસ)

(D) ફ્લોપી/ડિસ્કમાં માહિતી પૂરી પાડવાની માહિતી માટે ફ્લોપી/ડિસ્ક દીઠ રૂ. 50/- (પચાસ)

(52) માગેલ માહિતી, બીજા સંબંધિત જાહેર સત્તા મંડળને લગત હોય તો કયા નિયત નમૂનામાં તબદીલ કરવાની થાય છે ?

(A) નમૂનો - ક (B) નમૂનો - ખ (C) નમૂનો - ગ (D) નમૂનો - ઘ

(53) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) સરકારી રાજપત્રમાં કઈ તારીખે પ્રકાશીત કરવામાં આવેલ ?

(A) તા. 14-11-2012 (B) તા. 14-06-2012

(C) તા. 19-06-2012 (D) તા. 20-06-2012

(54) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં મુખ્ય કલમો કેટલી છે ?

(A) 46 (B) 09 (C) 07 (D) 39

(55) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં 'બાળક'ની વ્યાખ્યા કી કલમમાં આપવામાં આવેલ છે ?

(A) કલમ - 1 (2) (B) કલમ - 2 (1) (સી)

(C) કલમ - 2 (1) (ડી) (D) કલમ 2 (1) (ક)

(56) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં વિશેષ સરકારી વકીલ નીમવાની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 32 (B) કલમ - 38 (C) કલમ - 26 (D) કલમ - 27

(57) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં બાળકનાનિવેદન નોંધવા માટેની પ્રક્રિયા માટેની કેટલી કલમો છે ?

(A) 24 (B) 04 (C) 15 (D) 16

(58) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં બાળકને તપાસતી વખતે આરોપી નજરે પડવો જોઈએ નહીં - એવી જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) કલમ - 33 (B) કલમ - 36

(C) કલમ - 39 (D) કલમ - 40

(59) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં વિશેષ અદાલતની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 25 (B) કલમ - 27 (C) કલમ - 28 (D) કલમ - 43

(60) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં ગુનો કરવાના પ્રયાસ માટે આજીવન કારાવાસ સુધીની શિક્ષાની જોગવાઈ કલમમાં છે ?

(A) કલમ - 15 (B) કલમ - 16 (C) કલમ - 17 (D) કલમ - 18

(61) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં ગુનો નોંધણીની પ્રક્રિયામાં બાળકને અનુવાદક અથવા અર્થઘટનકારની સહાયતા આપવાની જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) કલમ - 19 (4) (B) કલમ - 19 (5) (C) કલમ - 19 (6) (D) કલમ - 19 (7)

(62) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગ માટે બીજી વાર દોષિત ઠરનારને કેટલાં વર્ષ સુધીની કારાવાસની સજાની જોગવાઈ છે ?

(A) 02 વર્ષ (B) 03 વર્ષ (C) 05 વર્ષ (D) 07 વર્ષ

(63) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં જાતીય - હુમલાનો અર્થ કઈ કલમમાં નિર્દિષ્ટ કરેલ છે ?

(A) કલમ - 7 (B) કલમ - 8 (C) કલમ - 6 (D) કલમ - 4

(64) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં ઉગ્ર જાતીય હુમલા માટેની શિક્ષા ક્યાં સુધી વિસ્તારી શકાશે ?

(A) આજીવન કારાવાસ (B) સખત કારાવાસ (C) 07 વર્ષ (D) 10 વર્ષ

(65) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં કેટલાં પરિશિષ્ટ છે?

(A) 04 (B) 03 (C) 01 (D) 29

(66) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં કેટલાં પ્રકરણ છે?

(A) 46 (B) 09 (C) 07 (D) 39

(67) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત કાયદો - 2013 માં જાતીય સતામણીની વ્યાખ્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 3 (B) કલમ - 2 (એન) (C) કલમ - 2 (બી) (D) કલમ - 1

(68) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત કાયદો - 2013 માં જાતીય સતામણી રોકવા માટેની જોગવાઈ કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 1 (B) કલમ - 2 (એન) (C) કલમ - 3 (1) (D) કલમ - 4

(69) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાય કાયદો - 2013 માં કામના સ્થળની વ્યાખ્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 1 (B) કલમ - 2 (બી) (C) કલમ - 2 (ડી) (D) કલમ - 2 (ઓ)

(70) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાય કાયદો - 2013 માં આંતરિક ફરિયાદ સમિતિ કઈ રીતે બનશે તેની જોગવાઈ કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 4 (B) કલમ - 2 (એન) (C) કલમ - 3 (1) (D) કલમ - 1

(71) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં કુલ કેટલા પ્રકરણ છે ?

(A) 10 (B) 11 (C) 12 (D) 13

(72) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની કલમ 1(2) મુજબ તે કયા રાજ્યને લાગુ પડશે ?

(A) મહારાષ્ટ્ર (B) મુંબઈ

(C) ગુજરાત અને મહારાષ્ટ્ર (D) ગુજરાત

(73) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં 'એસેસર' શબ્દની વ્યાક્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 1 (1) (B) કલમ - 1 (4) (C) કલમ - 2 (1) (D) કલમ 2 (4)

(74) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 અનુસાર હિન્દુ શબ્દની વ્યાખ્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 2 (2) (B) કલમ - 6 (C) કલમ - 9 (D) કલમ - 10

(75) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ વકફ હોય ત્યારે મેનેજર શબ્દમાં કોનો સમાવેશ થાય છે ?

(A) મુત્તવલ્લી (B) સંચાલક મંડળ

(C) વકફનો સભ્ય (D) જેને હિસ્સો મળવાનો છે તે વ્યક્તિ

(76) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની જોગવાઈ મુજબ કોર્ટ શબ્દના અર્થમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) જિલ્લા અદાલત (B) હાઈકોર્ટ

(C) ચેરિટી કમિશ્નર (D) મદદનીશ ચેરિટી કમિશ્નર

(77) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ સાર્વજનિક ટ્રસ્ટના 'દરેક ટ્રસ્ટીએ નિયમિત હિસાબ રાખવા જોઈશે' તેવી જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવે છે ?

(A) કલમ - 32 (1) (B) કલમ - 37 (4) (1) (C) કલમ - 42 (2) (D) કલમ - 57 (1)

(78) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં નાયબ ચેરિટી કમિશ્નરની લાયકાતની જોગવાઈ કયા પ્રકરણમાં કરવામાં આવી છે ?

(A) પ્રકરણ - 1 (B) પ્રકરણ - 2 (C) પ્રકરણ - 3 (D) પ્રકરણ - 4

(79) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં વકફની વ્યાખ્યા કઈ કલમમાં આપવામાં આવી છે ?

(A) કલમ - 8 (B) કલમ - 19 (C) કલમ - 20 (D) કલમ - 17

(80) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ ટ્રસ્ટની નોંધણી કરી નોંધણીનું પ્રમાણપત્ર નીચેનામાંથી કોણ આપે છે ?

(A) કચેરીના વડા
(B) ચેરિટી કમિશ્નર
(C) સંયુક્ત ચેરિટી કમિશ્નર
(D) સંબંધિત નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશ્નર

(81) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1980 માં કયા પ્રકરણમાં સામેલ છે ?

(A) પ્રકરણ - 1 (B) પ્રકરણ - 2 (C) પ્રકરણ - 3 (D) પ્રકરણ - 4

(82) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ ટ્રસ્ટની નોંધણી કીર નોંધણીનું પ્રમાણપત્ર નીચેનામાંથી કોણ આપે છે ?

(A) કચેરીના વડા
(B) ચેરિટી કમિશ્નર
(C) સંયુક્ત ચેરિટી કમિશ્નર
(D) સંબંધિત નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશ્નર

(83) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં પ્રદેશ અથવાપેટા પ્રદેશની વ્યાખ્યા કઈ કલમમાં આપેલી છે ?

(A) કલમ - 3 (B) કલમ - 12 (C) કલમ - 14 (D) કલમ - 16

(84) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ ટ્રસ્ટીના અર્થમાં કોનો સમાવેશ થાય છે ?

(A) મેનેજર
(B) જેને ટ્રસ્ટની મિલકત સોંપવામાં આવી છે તે વ્યક્તિ
(C) માત્ર (A)
(D) (A) અને (B) બન્ને

(85) ચેરિટી કમિશનર અને બીજા અધિકારીઓ અને એસેસરો રાજ્ય સેવકો ગણાશે તેવું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 78 (B) કલમ - 68 (C) કલમ - 62 (D) કલમ - 57

(86) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં સખાવતી હેતુઓની વ્યાખ્યા કઈ જોગવાઈ હેઠળ આપવામાં આવી છે?

(A) કલમ - 8 (1) (B) કલમ - 9 (C) કલમ - 16 (D) કલમ - 40

(87) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા બાબતની જોગવાઈ કઈ કલમમાં આપવામાં આવી છે ?

(A) કલમ - 36 (B) કલમ - 37 (C) કલમ - 38 (D) કલમ - 39

(88) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 માં વિવિધ દસ્તાવેજોની ફી નક્કી કરતી જોગવાઈ શેમાં કરેલ છે ?

(A) અનુસૂચિ - ક (B) અનુસૂચિ - કક (C) અનુસૂચિ - ખ (D) અનુસૂચિ - ખખ

(89) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની જોગવાઈ મુજબ જ્યારે પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટરમાં ફેરફાર થાય ત્યારે ટ્રસ્ટીઓએ કેટલાં સમયમાં ફેરફાર રિપોર્ટ ભરવાનો રહે છે ?

(A) 90 દિવસ (B) 180 દિવસ (C) 120 દિવસ (D) 60 દિવસ

(90) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ ટ્રસ્ટની રચના થયાથી કેટલાં સમયમાં ટ્રસ્ટની નોંધણી કરાવવી જરૂરી છે ?

(A) 6 મિહના (B) 5 મહિના (C) 3 મિહના (D) 2 મહિના

(91) સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈ વ્યક્તિએ જ્યારે અરજી કરેલ હોય ત્યારે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશ્નરે નીચેના પૈકી કઈ બાબતોની તપાસ કરવાની રહે છે ?

(A) ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે કેમ અને એવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે કેમ.

(B) કોઈ પણ મિલકત તે ટ્રસ્ટની મિલકત છે કે કેમ

(C) તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મેનેજરના નામો અને સરનામાં

(D) ઉપરોક્ત તમામ

(92) કોઈ ટ્રસ્ટમાં ટ્રસ્ટી દોષિત ઠર્યો હોય ત્યારે નવા ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાટે મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની જોગવાઈ મુજબ કોર્ટને અરજી કરવાનીસત્તા કોને છે ?

(A) ટ્રસ્ટી મંડળ (B) ચેરિટી કમિશ્નરશ્રી (C) રાજ્ય સરકાર (D) ટ્રસ્ટના વહીવટદારો

(93) સાર્વજનિક ટ્રસ્ટમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ નીચે નોંધાયેલ મંડળી

(B) વક્ફ મર્યાદા

(C) સખાવતી હેતુ માટે નોંધાયેલી મંડળી

(D) મઠ

(94) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની મુજબ હિન્દુ શબ્દમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) જૈન (B) શીખ (C) બૌધ (D) આપેલ તમામ

(95) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની કયા પ્રકરણમાં ચેરિટી કમિશ્નરની ફરજો, કાર્યો અને સત્તાઓનીજોગવાઈ કરવામાં આવી છે ?

(A) પ્રકરણ - 10 (B) પ્રકરણ - 11 (C) પ્રકરણ - 12 (D) પ્રકરણ - 9

(96) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની કલમ - 32 મુજબ નિયમિત હિસાબ રાખવાની ચૂક થાય તો ટ્રસ્ટીઓને મહત્તમ કેટલો દંડ થઈ શકે ?

(A) 500 રૂ. (B) 2000 રૂ. (C) 200 રૂ. (D) 1000 રૂ.

(97) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની કયા પ્રકરણમાં ચેરિટી કમિશ્નરનીફરજો, કાર્યો અને સત્તાઓની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) પ્રકરણ - 10
(B) પ્રકરણ - 11
(C) પ્રકરણ - 12
(D) પ્રકરણ - 9

(98) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 મુજબ ટ્રસ્ટોનું ઓડિટ કોની પાસે કરાવવાનું રહેશે ?

(A) ટ્રસ્ટના ટ્રસ્ટી પાસે
(B) કંપની સેક્રેટરી પાસે
(C) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે
(D) વકીલ પાસે

(99) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની જોગવાઈ મુજબ નીચેના પૈકી કઈ બાબત માટે ચેરિટી કમિશ્નરની પૂર્વ મંજુરી મેળવવાની થતી નથી ?

(A) કોઈ સ્થાવર મિલ્કતનું વેચાણ કરવા માટે
(B) સ્થાવર મિલકતનું ગીરો કરવા માટે
(C) સ્થાવર મિલ્કત બક્ષિશ કરવા માટે
(D) જંગલ મિલકત બક્ષિશ કરવા માટે

(100) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - 1950 ની કઈ જોગવાઈ મુજબ શિક્ષાપાત્ર ગુના માટે ફોજદારી ફરિયાદની કાર્યવાહી ચેરિટી કમિશ્નરની અગાઉથી મંજુરી લીધા વિના કરી શકાતી નથી ?

(A) કમ - 78
(B) કલમ - 83
(C) કલમ - 84
(D) કલમ - 88

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

PAPER-3

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.